# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-01-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

1) દેશમાં છેલ્લા દસ વર્ષમાં કેફી પદાર્થો જપ્ત કરવાના પ્રમાણમાં 7 ગણો વધારો થયો છે, અને આ સમયગાળામાં 56 હજાર 800 કરોડ રૂપિયાના કેફી પદાર્થનો નાશ કરાયો છે.

2) આવતીકાલે રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિકસિત ભારત યુવા નેતાઓ સાથે નવી દિલ્હીમાં સંવાદ કરશે.

3) ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જાહેર સેવાના કર્મચારીઓને દેશના ભવિષ્ય માટે મજબૂત પાયો નાંખવા સઘન કામગીરી કરવા અનુરોધ કર્યો

4) ગુજરાતની આગવી ઓળખ સમાન આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ 2025નો આજથી અમદાવાદમાં શાનદાર પ્રારંભ.

5) અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરને એક વર્ષ પૂર્ણ - ત્રણ દિવસ માટેના પ્રતિષ્ઠા દ્વાદશી મહોત્સવનો આજથી આરંભ

6) દેશમાં વિજાણુ કંપનીઓની જરૂરિયાતોને પહોંચી વળવા માટે મહારાષ્ટ્રના રાંજણ ગામ ખાતે ઇલેક્ટ્રોનીક ક્લસ્ટર સ્થપાશે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EVE SHAH - DRUGS

દેશમાં છેલ્લા દસ વર્ષમાં કેફી પદાર્થો જપ્ત કરવાના પ્રમાણમાં 7 ગણો વધારો થયો છે, અને આ સમયગાળામાં 56 હજાર 800 કરોડ રૂપિયાના કેફી પદાર્થનો નાશ કરાયો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દિલ્હીમાં યોજાયેલી કેફી પદાર્થોની હેરફેર નાથવા અંગેની રાષ્ટ્રીય સલામતી પરિષદના અધ્યક્ષપદેથી આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ....

(બાઇટ- અમિત શાહ)

ગૃહમંત્રીએ બધા જ રાજ્યોને કેફી પદાર્થો સામેની કેન્દ્ર સરકારની ઝુંબેશમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. તેમણે નાગરિકોને માનસ હેલ્પલાઇનની જાણકારી વ્યાપક પ્રમાણમાં પહોંચાડવા રાજ્ય સરકારોને અનુરોધ કર્યો છે. આ કાર્યક્રમમાં શ્રી શાહે કેફી પદાર્થ નાશ કરવાની આગામી 25મી જાન્યુઆરી સુધી ચાલનારી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. તેમજ માનસ-2 હેલ્પલાઇનના વિસ્તરણનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## PM - VIKSIT BHARAT YOUNG LEADERS DIALOGUE

આવતીકાલે રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિકસિત ભારત યુવા નેતાઓ સાથે નવી દિલ્હીમાં સંવાદ અને સંબોધન કરશે.

પ્રધાનમંત્રીએ વિકસિત ભારત યુવા અગ્રણી સંવાદને દેશના સર્વાંગી વિકાસના પ્રવાસમાં યુવાનોને જોડવાની આગવી પહેલ તરીકે ઓળખાવ્યો છે.

આ કાર્યક્રમમાં ભાગ લેનાર ત્રણ હજારથી વધુ યુવા નેતાઓ વિકસિત ભારત અંગે પોતાનો દ્રષ્ટિકોણ પ્રધાનમંત્રી સમક્ષ રજૂ કરશે.

આજે દિલ્હીમાં યોજાઇ રહેલા વિકસિત ભારત યુવા અગ્રણી સંવાદ કાર્યક્રમમાં સંબોધન કરતાં યુવા બાબતોના કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે આવતીકાલના સંવાદ કાર્યક્રમ બાદ કેન્દ્ર સરકાર યુવા અગ્રણીઓ માટે સામાજીક સેવાની વિવિધ ઇવેન્ટનું આયોજન કરશે. જેના કારણે યુવા અગ્રણીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સમાજ સેવાનો અનુભવ મળી શકશે.

. . . . . . . . . . . . . . .

## DAY VP-BENGALURU VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જાહેર સેવાના અધિકારીઓ અને કર્મચારીઓને વહીવટીતંત્રના શિલ્પકાર ગણાવીને દેશના ભવિષ્ય માટે મજબૂત પાયો નાંખવા સઘન કામગીરી કરવા અનુરોધ કર્યો છે.

બેંગલુરૂમાં રાજ્યોના જાહેર સેવા પંચના અધ્યક્ષોની 25મી રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યા બાદ તેમણે જાહેર સેવા માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને મુલાકાતો વખતે પારદર્શિતા જાળવી રાખવા ઉપર ભાર મૂક્યો હતો.

શ્રી ધનખડે વધુમાં જણાવ્યું કે તંત્રનો પ્રભાવ સગાવાદ અને તરફેણરૂપી દૂષણોથી મુક્ત અલાયદુ પંચ ઉભું કરવું એ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદનું સ્વપ્ન હતું.

ઉપરાષ્ટ્રપતિએ  વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનું ધ્યેય હાંસલ કરવા પારદર્શી અને ટેક્નોલોજી આધારિત કામગીરી કરતાં વહીવટીતંત્રનું નિર્માણ કરવાની અપીલ કરી હતી.

. . . . . . . . . . . . . . . .

## GOYAL - CLEANTECH PLATFORM

દિલ્હીમાં યોજાઇ રહેલા ભારત આબોહવા મંચના કાર્યક્રમમાં ભારત સ્વચ્છ ટેક્નોલોજી ઉત્પાદન મંચનો શુભારંભ કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે આ પહેલનો આરંભ કરાવતાં જણાવ્યું હતું કે દેશમાં સૂર્ય, પવન, અને હાઇડ્રોજન ઉર્જા ક્ષેત્રે સ્વચ્છ ઉર્જા મૂલ્ય શ્રેણીમાં ભારતની ક્ષમતા વધારવામાં આ પગલું મહત્વનું બની રહેશે.  આ મંચના કારણે સ્વચ્છ ઉર્જા ક્ષેત્રે નવકલ્પનાને બળ મળશે અને દેશ આ ક્ષેત્રે વૈશ્વિક અગ્રણી તરીકે સ્થાન મેળવે તે માટે પણ મદદ મળશે.

શ્રી ગોયલે દેશમાં સ્વચ્છ ઉર્જા ક્ષેત્રે લાંબા સમયગાળાનો વિકાસ સાધવા સરકાર દ્વારા ઉત્પાદન આધારિત રાહતોની કરેલી જાહેરાતોની વિગતો આપી હતી.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## KITE FESTIVAL IN GUJARAT – CM

ગુજરાતની આગવી ઓળખ સમાન આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ 2025નો આજથી અમદાવાદમાં શાનદાર પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મહોત્સવનો આરંભ કરાવતાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં રાજ્યનો પતંગોત્સવને વૈશ્વિક ઓળખ મળી છે.

## (બાઈટ – મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

આ પ્રસંગે પ્રવાસન મંત્રી મૂળૂભાઈ બેરાએ કહ્યું હતુ કે, 12 જાન્યુઆરીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી, રાજકોટ તથા વડોદરા ખાતે 13

જાન્યુઆરીએ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં 47 દેશોમાંથી 143 પતંગબાજો, ભારતનાં અન્ય 11 રાજ્યોમાંથી 52 જેટલા અને રાજ્યનાં 11 શહેરનાં 417 પતંગબાજોએ ભાગ લીધો છે.

. . . . . . . . . . . . . . .

## DAY. AYODHYA ANNIVERSARY

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને એક વર્ષ પૂર્ણ થયું  તે નિમિત્તે ત્રણ દિવસ માટેના પ્રતિષ્ઠા દ્વાદશી મહોત્સવનો આજથી આરંભ થયો છે. ત્રણ દિવસના આ મહોત્સવમાં વેદનો અભ્યાસ કરનાર 21 આચાર્યો દ્વારા 6 લાખ શ્રીરામ બીજ મંત્રનો જાપ કરાશે. તેમજ દરરોજ સાંજે ભજનોનો કાર્યક્રમ પણ યોજાશે. આ ઉપરાંત રામકથા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાયું છે. આ પ્રસંગે રામમંદિરને પચાસ ક્વીન્ટલથી વધુ ફુલોથી શણગારવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠાને એક વર્ષ પૂર્ણ થયું તે નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે આ ક્ષેત્રને આપણી સંસ્કૃતિ અને આધ્યાત્મનો વારસો ગણાવ્યો છે અને વિકસિત ભારતનું ધ્યેય હાંસલ કરવામાં  આ મંદિર પ્રેરણા આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . . . .

## PUNE-ASHWINI VAISHNAW

દેશમાં વિજાણુ કંપનીઓની જરૂરિયાતોને પહોંચી વળવા માટે મહારાષ્ટ્રના રાંજણ ગામ ખાતે ઇલેક્ટ્રોનીક ક્લસ્ટર સ્થાપવામાં આવશે.

કેન્દ્રીય માહિતી ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે પુણે ખાતેના CDC કેન્દ્રની મુલાકાત વખતે આ મુજબ જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે સીડેક દ્વારા વિકસાવવામાં આવેલી તેજા JAS 64 ચીપનું વિમોચન કર્યું હતું. તેમજ સીડેક કેન્દ્રની કામગીરીની સમીક્ષા કરી હતી. શ્રી વૈષ્ણવે પુણે ખાતેની ભારતીય ફિલ્મ અને ટેલીવીઝન સંસ્થા ખાતે મુખ્ય ઓડિટોરિયમનું ઉદ્ઘાટન કર્યું હતું અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## INDIGENOUS DEFENCE PRODUCTION

અમેરિકા અને ફ્રાન્સ સહિત સો જેટલા દેશોમાં ભારતમાં ઉત્પાદિત સંરક્ષણ ક્ષેત્રના ઉપકરણો અને શસ્ત્રોની નિકાસ સાથે દેશ સંરક્ષણ ક્ષેત્રે નિકાસનું કેન્દ્ર બની રહ્યો છે.

સંરક્ષણ મંત્રાલયના સંરક્ષણ મૂડીરોકાણ અને ઉત્પાદન વિભાગના ઉપનિદેશક અખિલેશકુમાર મિશ્રાએ અગરતલામાં ભારત વેપાર મહામંડળ દ્વારા આયોજીત એક કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે જાહેર ક્ષેત્રના 16 જેટલા એકમો સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદનમાં જોડાયેલા છે, અને નાણાકીય વર્ષ 2023-24 માં સ્થાનિક કક્ષાનું આ ક્ષેત્રનું ઉત્પાદન સવા લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું હતું. આ વર્ષે ઉત્પાદનનો આંક

વધારીને પોણા બે લાખ કરોડ રૂપિયા સુધી લઇ જવાની નેમ રાખવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

## IMD-WEATHER

વાયવ્ય ભારતમાં આગામી 48 કલાક દરમિયાન ઘણા સ્થળોએ ગાઢ ધુમ્મસ અને ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આ ક્ષેત્રમાં આવતીકાલ સુધી કેટલાક સ્થળોએ હિમવર્ષા થવાની પણ સંભાવના છે.

દરમિયાન હવામાન વિભાગે વાયવ્ય ભારતમાં કેટલાક સ્થળોએ લઘુત્તમ તાપમાનમાં આગામી 3 દિવસ દરમિયાન બે થી ત્રણ ડિગ્રી સેલ્સીયસનો વધારો થવાની સંભાવના પણ દર્શાવી છે.

દરમિયાન દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ઉભી થયેલી ગાઢ ધુમ્મસની પરિસ્થિતિના લીધે વિમાન અને ટ્રેન સેવાઓને અસર થઇ છે. દિલ્હી તરફ જતી 26 ટ્રેન નિર્ધારિત સમય કરતા 9 થી 10 કલાક મોડી ચાલી રહી છે.

હિમાચલ પ્રદેશમાં ઉંચાઇવાળા પર્વતીય વિસ્તારોમાં થયેલી હિમવર્ષાના લીધે ઘણા સ્થળોએ  લઘુત્તમ તાપમાન શૂન્ય ડિગ્રી સુધી પહોંચ્યું હતું. કાંગરા, બિલાસપુર જેવા મેદાની પ્રદેશોમાં ઘણી જગ્યાએ ગાઢ ધુમ્મસ છવાયું હતું.

કાશ્મીરમાં ફરી વળેલું ઠંડીનું મોજું યથાવત રહેતા શ્રીનગરમાં માઇનસ 3.6 ડિગ્રી, જમ્મુમાં  7 ડિગ્રી, જ્યારે કટરામાં છ ડિગ્રી સેલ્સીયસ તાપમાન નોંધાયું છે. રાજૌરી અને પૂંછ જિલ્લાને જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ ભારે હિમવર્ષાના પગલે છેલ્લા 15 દિવસથી વાહનવ્યવહાર માટે બંધ રખાયો છે.

. . . . . . . . . . . . . . . .